# બોલુન્દ્રા ગામે ઝાડા ઉલટીનો ઉપદ્રવ વકર્યો : ૧૮ નવા કેસ

## જીલ્લા વિકાસ અધિકારીએ ગામની મુલાકાત લીધી : કુલ આંકડો ૭૦ પર પહોચ્યો : આરોગ્ય વિભાગની ૧૨ ટીમોએ કાર્યવાહી હાથ ધરી



મોડાસા, તા.૩

અરવલ્લી જીલલા ના મોડાસા તાલુકા નજીક આવેલ બોલુન્દ્ર ગામે છેલલા ત્રણ દિવસ થી ઝાડા ઉલટી ના કેસો એ બોલુન્દ્રા ગામના લોકો ને પોતાના અજગરી ભરડા માં લીધા છે આ ઝાડા ઉલ્ટી ના કારણે આજે ત્રીજા દીવસે પણ કુલ ૧૮ જેટલા નવા કેસો નોધાયા હતા અને અત્યાર સુધી કુલ કેસો નો આંક ૭૦ ઉપર પહોચ્યો હતો જેને લઈ ને આરોગ્ય વિભાગ માં દો ડધામ મચી ગઈ છે. જયારે સમગ્ર પરીસ્થીતી વધુ ન વકરે તે માટે આરોગ્ય વિભાગ ની કુલ ૧૨ જેટલી ટીમો ઘટના સ્થળ ઉપર તહેનાત છે અને સમગ્ર ગામ માં સારવાર અપાઈ રહી છે.

અરવલ્લી જીલ્લા ના મોડાસા તાલુકા માં આવેલ બોલુન્દ્ર ગામે આજથી ઘ દિવસ પહેલા ગ્રામ પંચાયત ધ્વારા સમગ્ર ગામ માં પીવાન પાણી પહોભાડવામાં આવે છે તે પીવાના પાણી ની પાઈપ માં લીકેજ થવાને કારણે આ પીવાના પાણી ની સાથે દુષીત પાણી ભળી ગયુ હતુ જેને લઈ ને સમગ્ર બોલુન્દ્રા ગામ ઝાડા ઉલટી ના રોગ માં સપડાયુ હતુ બીજી બાજુ હાલ અરવલ્લી જીલ્લા માં અત્યાર સુધી ના તમામ રેકોર્ડ ગરમી એ તોડી નાખ્યા છે અને ૪૫ ડીગ્રી સુધી ગરમીનો પારો પહોચ્યો છે ત્યારે ગરમી અને આ દુક્ષીત પાણી આ બન્ને વસ્તુ ભેગી થવાને કારણે હાલ અરવલ્લી જીલ્લા ના બોલુન્દ્રા ગામે છેલ્લા ત્રણ દિવસ મા ઝાડા ઉલટી ના કેસો ની સંખ્યા ૭૦ ઉપર પહોચી હતી જયારે આ રોગ વધુ ના વકરે અને લોકો માં ગભરાહટ ના ફેલાય તે માટે આરોગ્ય વિભાગ ની કુલ ૧૨ જેટલી ટીમો હાલ સમગર ગામ માં સારવાર આપી રહી છે ત્યારે ઘટના ની ગંભીરતા ને જોતા આજે અરવલ્લી જીલ્લા વિકાસ અધીકારી સુધીરભાઈ પટેલે ઘટના સ્થળે જઈ ને ગામ ની મુલાકાત લીધી હતી અનેસમગ્ર પરીસ્થીતી થી વાકેફ થયા હતા જયારે મોડાસા ના આરોગ્ય અધિકારી ડો નાયક ધ્વારા જણાવામાં આવ્યુ હતુ કે હાઈ સમગ્ર રોગ ને પહોત્ચી વળવા માટે આરોગ્ય વિભાગ ની ૧૨ જેટલી ટીમો અને ડોકટરો સ્ટેન્ડ સમગ્ર ગામ માં ઘેર ઘેર જઈ ને લોકો ને સારવાર આપી રહયા છે સાથે સાથે કલોરીન ની ગોળીઓ અને ઓઆરએસ ના પાવડર ના પકેટ પણ આપવા માં આવી રહયા છે તેમજ ગરમી માંબહુ બહાર ના નીકળવાની પણ સુચના આપવામાં આવી હતી જયારે જે ઝગ્યાએ થી પાઈપ લીકેજ થઈ હતી તે પાઈપ નુ લીકેજ પણ પુરી દેવામાં આવ્યુ છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## ખેડબ્રહ્મામાં પરપ્રાંતિયોનો અડ્ડો સ્થાનિક રહીશોમાં ફફડાટ

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્મામાં પર પ્રાંતિયોએ વિશેષરૂપે અડ્ડો જમાવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળશે તેવો સ્થાનિક રહીશોમાં ભય પ્રવર્ત્યો છે. પોલીસતંત્ર કક્ષાએથી પણ પરપ્રાંતિયોની કોઈ માહિતી એકત્રિત કરી તપાસ કરવામાં આવતી નથી. જેના પરિણામે શહેરીજનોમાં મુંઝવણ પ્રવર્તી રહી છે.

રાજસ્થાન બોર્ડર નજીક સ્થિત ખેડબ્રહ્મામાં પરપ્રાંતિયોએ અડ્ડો જમાવતા ટુંકમાં ગુનાખોરી વધે તેવી દહેશત પ્રબળ બની છે. નાના-મોટા વેપાર ધંધા અર્થે આવેલા પરપ્રાંતિયો મકાન માલિકોને તગડુ ભાડુ ચુકવી બિન્દાસ્તરીતે ફરી રહ્યા છે. પોલીસતંત્ર દ્વારા પણ આ પરપ્રાંતિયોને કોઈ પુછતાછ કરવામાં આવતી નથી. આવા સંજોગોમાં ગુનાખોરીને લઈ આમ નાગરિકોમાં ફફડાટ પ્રવર્ત્યો છે.

## હિંમતનગરમાં ૧૩ હજારની ચોરી થતા ફરિયાદ

હિંમતનગર, તા.૩

હિંમતનગરના સહકાર હોલ પાસેના એક મકાનમાંથી શનિવારે રાત્રે અજાણ્યા શખ્સો સોનાની વીંટી અને એટીએમ કાર્ડ સહિત રૂ. ૧૩ હજારની મતા ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે રવિવારે મકાન માલિકે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે સહકાર હોલ પાસેના આંબાવાડી વિસ્તારમાં રહેતા રાજુભાઈ કરસનભાઈ દેસાઈના ઘરમાંથી શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ ચીજ વસ્તુઓ ફંફોસી તીજોરીમાંથી એક સોનાની, બે ચાંદીની વીંટી, કાડા ઘડીયાલ અને બે એટીએમ કાર્ડ મળી રૂ. ૧૩ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે રવિવારે રાજુભાઈ દેસાઈએ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



(તસવીર : જય અમીન, મોડાસા)

## મોડાસાના ટ્રાફિકથી પરેશાન પશુઓ

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ટ્રાફિકથી પરેશાન આમ આદમીની સાથે શહેરના કુતરાઓને પણ ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડતો હોય તેવા દશ્યો શહેરમાં જોવા મળી રહ્યા છે. મોડાસા બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં વાહનોનો ખડકલો થઈ જતાં માણસોને ચાલવા માટે ફૂટપાથની જગ્યા પણ મળતી નથી. ત્યારે શહેરના માર્ગો પર કુતરાઓને સ્વતંત્રતાથી વિહાર કે બેસવા માટે જગ્યા ન મળતા કુતરૂ ન છૂટકે વૈભવ કારના છાપરા પર બેસી જતા રમૂજ ફેલાઈ હતી. ત્યારે એક રમૂજ યાદ આવી જાય જો આવા ટ્રાફિકથી કુતરાઓને પૂછડી હલાવવામાં તકલીફ પડતી હોય તો કુતરાઓની પૂછડી આડીની જગ્યાએ ઉભી હલાવવા મજબૂર બની જવુ પડતુ હોવા સાથે કહેવત પણ નકામી સાબીત થતી હોય છે.

## અરવલ્લીમાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના કાર્યાલયના અભાવે પ્રજાજનો ગૂમરાહ

મોડાસા, તા.૩

રાજય સરકાર દ્વારા રાજયના પ્રજાજનોના આરોગ્યલક્ષી સેવાઓ માટે રાજય આરોગ્ય વિભાગ દ્વારા ઓછી આવક ધરાવતા મધ્યમવર્ગીય પરિવારોને ૫૫૦ જેટલી વવિધ બિમારીઓથી રક્ષણ આપવા માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના શરુ કરવામાં આવે છે અને આ યોજનાનો લાભ ઓછી આવક ધરાવતા પરિવારોને મેડીકલ સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી જરુરી પુરાવા રજૂ કર્યા બાદ તાલુકાના જનસેવા કેન્દ્રમાંથી અમૃતમ કાઢી આપવામાં આવે છે. પરંતુ જિલ્લાના પ્રજાજનોને જિલ્લા કાર્યાલય ન હોવાથી યોગ્ય માર્ગદર્શન મળી રહેતા આ યોજના ગરીબ લોકો અને મધ્યમવર્ગીય માણસો માટે શોભાના ગાંઠીયા સમાન લાગી રહી છે.

અને મધ્યમવર્ગીય પરિવારો માટે આરોગ્ય જળવાય અને યોગ્ય સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી મુખ્યમંત્રી અમૃતમ યોજનાના કાર્ડ જિલ્લાના તાલુકા કચેરીના જનસેવા કેન્દ્રો દ્વારા ઉપલબ્ધ હોવા છતાં આ કાર્ડ શોભાના ગાંઠીયા સમાન બની ગયા છે. અરવલ્લી જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાની મુખ્ય ઓફિસ કાર્યાલય ન હોવાથી અમૃતમ અમૃતમ કાર્ડ માટે કઈ હોસ્પિટલોનો સમાવેશ થયેલો ન હોવાથી જયારે સારવાર કરાવવા આવે ત્યારે ૨-૩ હોસ્પિટલમાં તપાસ કરીને કંટાળી જઈને ન છૂટકે પૈસા ખર્ચી સારવાર કરાવવી પડતી હોવાથી પ્રજાજનો હાલાકી અનુભવે છે. મેઘરજ તાલુકાના ભેમાપુર ગામના એક આદિવાસી આગેવાનના જણાવ્યા અનુસાર અમૃતમ કાર્ડ હોવા છતાં




કાર્ડ ધારકો યોગ્ય માર્ગદર્શન મેળવી શકતા નથી તેમજ અમૃતમ કાર્ડ કઈ કઈ હોસ્પિટલોમાં સ્વીકાર્ય છે તે પણ માહિતી ન મળતી હોવાથી અબૂધ આદિવાસી પ્રજા કાર્ડ હોવા છતાં લુંટાઈ રહી છે. ખાસ કરીને મેઘરજ અને ભિલોડા તાલુકાની આદિવાસી પ્રજા યોગ્ય માર્ગદર્શનના અબાવે અમૃતમ કાર્ડ હોવા છતાં કાર્ડનો ઉપયોગ કઈ રીતે કરવો ઉપરાંત

અરવલ્લી જિલ્લાની રચના સાબરકાંઠા જિલ્લામાંથી જુદો પાડી નિર્માણ કરવામાં આવ્યું છે. જિલ્લાની રચનાને ૨ વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં સરકારી કચેરીઓ સાબરકાંઠાના જિલ્લા મથક હિંમતનગર ખાતે હોવાથી અરવલ્લી જિલ્લાના પ્રજાજનોને હાલાકી ભોગવવી પડે છે ત્યારે રાજય સરકાર આરોગ્ય વિભાગ દ્વારા ગરીબ પ્રજા જિલ્લામાં યોગ્ય માર્ગદર્શન સેન્ટર ન હોવાથી પ્રજાજનોને હાલાકી ભોગવવી પડે છે. અને ન છૂટકે ભોળી પ્રજા આરોગ્ય બાબતે લુંટાઈ રહી છે. તો ગુજરાત રાજય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લામાં તાત્કાલિક મુખ્યમંત્રી અમૃતમ યોજનાની મુખ્ય ઓફીસ યુદ્ધના ધોરણે શરુ કરવામાં આવે તેવી સમગ્ર જિલ્લાના પ્રજાજનોની માંગણી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

સમગ્ર ગુજરાતમાં અને અરવલ્લી જિલ્લામાં ગુજરાત રાજય શિક્ષણ વિભાગની પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળાઓમાં વાર્ષિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવતાં શાળાઓમાં વહેલી સવારથી જ બાળકો અને તેમના માતા પિતા ઉમટી પડયા હતા. ભૂલકાઓમાં આજથી વેકેશન શરૂ થતુ હોવાથી પરિણામની ચિંતા કર્યા વગર બાળસહજ રીતે ખુશખુશાલ અને આનંદ કિલ્લોલ કરતા નજરે પડતા હતા જયારે તેનાથી તદ્દન વિપરીત સ્થિતિ તેમના વાલીઓમાં જોવા મળતી હતી. માતા પિતા આજના કહેવાતા આધુનિક યુગમાં પોતાના બાળકોનું બાળપણ છીનવી લઈ ફકત ભણતર પર ભાર મુકી રહ્યા છે પરંતુ દરેક બાળક પોતાના વાલીની અપેક્ષા પૂર્ણ ન કરી શકતા હોવાથી તેવા માતા પિતા રીઝલ્ટ સમયે જાણે દુખનો પહાડ તૂટી પડયો હોય તેમ તેમના ચહેરા પર નિરાશા જોવા મળી હતી જયારે બાળકો વેકેશનનો આનંદ માણવા મળશે તેવી આશાએ દોડા દોડી કરતા જોવા મળતા હતા.

## ડીસા પુરવઠા ટીમે અનઅધિકૃત કોમર્શીયલ ઉપયોગવાળાં ૩ બાટલા ઝડપ્યા

ડીસા, તા. ૩

બનાસકાંઠાના ડીસામાં કેટલાક રેકડી અને ચા નાસ્તાની દુકાનો ધરાવતા ઈસમો સબસીડીરાઈઝડ ગેસ બોટલોનો ઉપયોગ કોમર્શીયલ હેતુ માટે કરતા હોવાની બાતમી ડીસા પુરવઠા વિભાગને મળી હતી. આ બાતમી આધારે ડીસાના નાયબ પુરવઠા મામલતદાર દીપકભાઈ ગઢવી અને દસરથસિંહ ઝાલા સહિતના અધિકારીઓની ટીમે આ મામલાની ઓચિંતિ તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન નવીન બસસ્ટેન્ડમાં આવેલ મનીષ પાર્લરમાંથી બે બોટલ અને ભગવતી ચાઈનીઝમાંથી એક બોટલ સહીત કુલ ૩ બોટલો કોમર્શીયલ ઉપયોગ સાથે ઝડપી પાડી હતી અને તમામ મુદ્દામાલ તપાસ અર્થે સીઝ કરેલ છે.

## ડીસામાં વિશ્વ મજુર દિવસે મતદાર જાગૃતિ કેમ્પ યોજાયો

ડીસા, તા. ૩

બનાસકાંઠાના ડીસામાં આજે એપીએમસી ખાતે વિશ્વ મજુર દિવસે માર્કેટયાર્ડ સંચાલક મંડલ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન કેમ્પ ડીસા મામલતદાર કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ કેમ્પમાં માર્કેટયાર્ડમાં મજુરી કરતા અનેકો મજુરો જોડાયા હતા. જેમને ડીસાના મતદાર નોંધણી વિભાગના નાયબ મામલતદાર રાઠોડ કામીનીબેન દ્વારા ચૂંટણી કાર્ડ અને આધારકાર્ડની નોંધણી અને ઉપયોગીતા વિષે માહિતી આપવામાં આવી હતી. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાષ્ટ્રીય મતદાર યાદી શુદ્ધતા અને અધિકૃતતા અન્વયે તાજેતરમાં કરવામાં આવતી કામગીરીની પણ અહી યોગ્ય સમજ અને માર્ગદર્શન અપાયું હતું.



મોડાસા તાલુકાના સાયરા ગામમાં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાયરા ગામના પશુપાલકોના પશુની સારવાર અને નિદાન વિના મૂલ્યે કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં સાબર ડેરી તેમજ સરકારી પશુ ચિકિત્સકો ડૉ. કિરણભાઈ પટેલ, ડૉ. દિપકભાઈ, ડૉ. ચેતનભાઈ તેમજ તાલુકાના અન્ય પશુચિકિત્સકો દ્વારા પશુઓની સારવાર કરવામાં આવી હતી. (તસવીર : જય અમીન, મોડાસા)

## નિકોડા ગામેથી રૂ. ૧૦ હજારનો દારૂ પકડાયો

હિંમતનગર, તા.૩

હિંમતનગર તાલુકાના નિકોડા ગામેથી એલ.સી.બી.એ. બાતમીને આધારે શનિવારે એક શખ્સના ઘરમાંથી પાસ પરમીટ વગરનો અંદાજે રૂ. ૧૦ હજારની કિંમતનો દારૂ તથા બીયર મળી ૧૫૦ બોટલ કબજે લીધી હતી. ત્યારબાદ આ શખ્સ વિરૂધ્ધ એલ.સી.બી.એ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ નિકોડા ગામે રહેતા જીજ્ઞેશભાઈ પટેલ પોતાના ઘરે છેલ્લા કેટલાક સમયથી પાસ પરમીટ વિના દારૂ અને બીયરનું વેચાણ કરતા હતા. જે અંગે એલ.સી.બી.ના સ્ટાફે બાતમીને આધારે શનિવારે બપોરના સમયે જીજ્ઞેશભાઈ પટેલના ઘરે દરોડો પાડી ઘરમાંથી રૂ. ૧૦ હજારની કિંમતની દારૂ અને બીયરની ૧૫૦ બોટલ કબજે લીધી હતી. ત્યારબાદ જીજ્ઞેશભાઈ પટેલ વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧